| | | |
|---|---|---|
| **GJSR120010342024** | सत्यमेव जयते | **Criminal Case no. 534/2024**<br><br>**સરકાર**<br>***vs.***<br>**કમલેશભાઈ મનશારામ મુલેવા** |

***ફોર્મ – A***

| **કઠોર ના મે. જ્યુડીશિયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 12.03.2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **534/2024** | આંક: |
| ગુનાની વિગત | | |
| એફ.આઈ.આર.ની વિગત | કામરેજ પોલીસ સ્ટેશન, એફ. આઈ. આર. નં. 11214020232796/2023, તારીખ: 07/12/2023 | |
| ગુનો (કલમ) | **ઈ.પી.કો. કલમ 279, 304(A) તથા એમ.વી.એક્ટ કલમ 177, 184, 134 મુજબ** | |
| ફરિયાદી | શ્રી સરકાર | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી. પી.બી.સથવારા | |
| વિરુદ્ધ | | |
| આરોપી | કમલેશભાઈ મનશારામ મુલેવા, ઉ.વ. 28,<br>રહે. એ/૩૦૪, સાર્વીલ કોમ્પલેક્ષ કાટરાજ રોડ પુર્ણે શહેર, ઈશ્કોન મંદિર પાસે, મહારાષ્ટ્ર. | |
| આરોપી પક્ષે રજૂઆત | વિ.વ.શ્રી. ડી.આર.પટેલ | |

***ફોર્મ – B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 13/11/2023 |
| એફ.આઈ.આર. તારીખ: | 07/12/2023 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **01/03/2024** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ: | 07/10/2024 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 25/11/2024 |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 18/02/2026 |
| જજમેન્ટની તારીખ: | **12/03/2026** |

| | | | |
|---|---|---|---|
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો): | — | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | 02 | 00 | 06 |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી. ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | કમલેશભાઇ મનશારામ મુલેવા | 10/01/2024 | 10/01/2024 | ઈ.પી.કો. કલમ 279,304(A), 427 તથા એમ.વી.એકટ કલમ 177,184 મુજબ | નિર્દોષ | — | — |

*ફોર્મ – C*

### 1. ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:

**a. ફરિયાદ પક્ષે –**

| અનુ. નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | 07 | સુનિલપુરી ગુલાબપુરી ગોસ્વામી | ફરિયાદી |
| PW-2 | 12 | લીંબાભાઇ પોપટભાઇ ખીમાણીયા | સાહેદ |
| PW-3 | 14 | નરેન્દ્રભાઇ ધનજીભાઇ સુરતી | સાહેદ |
| PW-4 | 25 | પારૂલબેન સંજયભાઇ ચાવડા | ત.ક.અમલદાર |

### 2. ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:

**a. ફરિયાદ પક્ષે –**

| અનુ. નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| 1 | 08 | ફરિયાદ |

| | | |
|---|---|---|
| 2 | 13 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 3 | 17 | ઈન્કવેસ્ટ પંચનામું |
| 4 | 18 | એકસીડન્ટ રીપોર્ટ |
| 5 | 19 | સ્થળપરિક્ષણ અહેવાલ |
| 6 | 20 | એફ.એસ.એલ. રીપોર્ટ |
| 7 | 26 | પી.એમ.નોટ |

## // ચુ કા દો //

**1. <u>ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:</u>**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે મૌજે ખોલવડગામની સીમમાં મુંબઈ થી અમદાવાદ જતા ને.હા. નં.૪૮ ઉપર આવેલ ખોલવડગામ તરફ જતા રોડની સાઈડમાં તા.કામરેજ જી.સુરત ખાતે આ કામના તોહદાર મજકુર નાએ પોતાના કબજાની ફોરવ્હીલ ગાડી નં.MH-12-US-5978 ની પૂરઝડપમાં અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ કોર્સ કરતા પ્રવિણપુરી ગુલાબપુરી ગૌસ્વામી ને અડફેટમાં લઈ શરીરે ગંભીર ઈજા પહોંચાડી સારવાર બાદ મોત નિપજાવી પોતાની ગાડીને જે તે સમયે લઈ નાસી ગયેલ જે તપાસ દરમ્યાન પકડાય જઈ ગુનો કર્યા બાબતની ફરિયાદ ફરિયાદીએ કામરેજ પોલીસ સ્ટેશનમાં આપી છે. ફરિયાદીએ આપેલ ફરિયાદ રજીસ્ટરે નોંધી, આ કામે તપાસ કરનાર અમલદારે સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદવાળા ગુન્હાના કામે પૂરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ.

**2. <u>સી.આર.પી.સી.ની કલમ ૨૫૧ મુજબ પ્લી:</u>**

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ 230 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ

મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા તેઓ વિરુદ્ધ આરોપીની **આંક–3** થી પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી સી.આર.પી.સી.કલમ–૨૫૪ મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

**3. <u>સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન:</u>**

ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા લીધા બાદ ફરીયાદપક્ષ તરફથી પુરાવા પૂર્ણ થયા અંગેની મૌખિક જાહેરાત કરતા સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ કે, *"અમો નિદોર્ષ છીએ અમારા ઉપર ખોટો કેસ કરેલ છે."* વધુમાં તેમણે બચાવના સાહેદો તપાસવાની કે સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલો છે. આમ, આરોપી દ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

**4. <u>સી.આર.પી.સી.ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારોની દલીલો:</u>**

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**5. <u>સી.આર.પી.સી.ની કલમ ૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટસ ફોર ડીટરમીનેશન:</u>**

**a.** આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**i. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે મૌજે ખોલવડગામની સીમમાં મુંબઈ થી અમદાવાદ જતા ને.હા. નં.૪૮ ઉપર આવેલ ખોલવડગામ તરફ જતા રોડની સાઈડમાં તા.કામરેજ જી.સુરત ખાતે આ કામના તોહદાર મજકુર નાએ પોતાના કબજાની ફોરવ્હીલ ગાડી નં.MH-12-US-5978 ની પૂરઝડપમાં અને ગફલતભરી રીતે હંકારી**

**લાવી રોડ કોર્સ કરતા પ્રવિણપુરી ગુલાબપુરી ગૌસ્વામી ને અડફેટમાં લઇ શરીરે ગંભીર ઇજા પહોંચાડી સારવાર બાદ મોત નિપજાવી પોતાની ગાડીને જે તે સમયે લઇ નાસી ગયેલ જે તપાસ દરમ્યાન પકડાય જઇ ગુનો કરી ઈ.પી.કો. ની કલમ 279, 304(A) તેમજ એમ.વી. એક્ટની કલમ 177, 184, 134 મુજબનો ગુનો આચરેલ છે?**

ii. **શું હુકમ?**

**b.** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં.1 – **નકારમાં**

ii. મુદ્દા નં.2 – **આખરી હુકમ મુજબ**

**// કા ર ણો //**

**6. મુદ્દા નં.1 અંગે:**

**a.** ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**b.** ફરિયાદપક્ષે **આંક–07 થી ફરિયાદી સુનિલપુરી ગુલાબપુરી ગોસ્વામી** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ

તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ ૧૦/૩૦ વાગ્યે ક્રિષ્ના રેસીડેન્સીની સામે હાઈવે ઉપર બનેલો. તેઓના મોટાભાઈનું નામ પ્રવિણપુરી ગુલાબપુરી ગોસ્વામી છે અને ભાભીનું નામ ગીતાબેન છે. બનાવ સમયે તેઓ પોતાના ઘરે હાજર હતા અને તેઓના ગીતાભાભીનો ફોન આવેલ અને તેઓને જણાવેલ કે, "તમારા મોટાભાઈ પ્રવિણપુરીનું અકસ્માત થયેલ છે અને તેમને સારવાર માટે દિનબંધુ હોસ્પીટલમાં ૧૦૮ માં લઈ જઈએ છીએ, તો તમે ત્યાં આવો" તેવું જણાવતા તેઓ દિનબંધુ હોસ્પીટલમાં ગયેલ. અને ત્યા જઈને જોયુ તો મારા ભાઈની ઈમરજન્સી વોર્ડમાં સારવાર ચાલુ હતી અને તે સમયે દિવાળીનો સમય હોય ડોકટરો હાજર ન હોય વધુ સારવાર માટે કિરણ હોસ્પીટલ સુરત ખાતે સારવાર માટે લઈ ગયેલા અને તેઓને આ અકસ્માત બાબતે જાણવા મળેલ કે, સોસાયટીના વોચમેન અને પિયુષભાઈ મારફતે તેઓને જાણવા મળેલ કે, આ બનાવમાં મહારાષ્ટ્રની સીલ્વર કલરની ગાડી હતી અને જે ઝડપથી જતી હતી અને તેઓના મોટાભાઈ કિરણ હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા અને તેમની તબીયતમાં સુધારો ન થતા તેમને ૨૨ દિવસ સુધી કિરણ હોસ્પીટલમાં રાખેલા અને થોડો સુધારો થતા તેઓના મોટાભાઈને ઘરે લઈ આવેલા અને તેઓના ઘરે સાત દિવસ કિરણ હોસ્પીટલની દવા આપેલી તે દવા આપતા હતા અને તા.૦૭/૧૨/૨૦૨૩ ના રોજ સવારના ૯ વાગ્યે મારા ભાભી ગાતાબેને તેઓને ફોન કરી જણાવેલ કે તમારા મોટાભાઈની તબીયત બગડતા તેમની સારવાર માટે ડો. મટકરી ને બોલાવેલા અને તેઓ તેઓના ભાઈને જોતાં જણાવેલ કે, "પ્રવિણભાઈ મરણ ગયેલ છે" તેવું જણાવતા તેઓને સંતોષ ન થતા કામરેજ દવાખાને તપાસ અર્થે લઈ ગયેલા અને ત્યાંના ડોકટરશ્રી એ પણ તેઓના મોટાભાઈને મરણ જાહેર કરેલા અને તેઓના મોટાભાઈનું સરકારી દવાખાને પી.એમ. કરાવેલ અને લાશનો કબજો તેઓને સોપેલો. આ અકસ્માત કરનાર વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરિયાદ બતાવવામાં આવે છે, જે આંક-૦૮ થી રજુ છે. આરોપીને તેઓએ જોયેલ ન હોય જેથી તેઓ ઓળખતા નથી.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ફરીયાદી કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, <u>આ બનાવની ફરિયાદ અમે બનાવ બન્યાના ૨૫ દિવસ બાદ આપેલી તથા ૨૫ દિવસ મોડી આપવા સબંધેનો કોઈ ખુલાસો આ ફરિયાદમાં જણાવેલ નથી.</u> એ વાત ખરી છે કે, આ કામની ફરિયાદમાં અકસ્માત કરનાર

વાહનનો નંબર પણ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ બન્યા બાદ અમારે બનાવવાળી જગ્યાએ જવાનું બનેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ મે નજરે જોયેલ નથી. તેથી શુ બનેલ તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**c.** ફરિયાદપક્ષે **આંક–12 થી સાહેદ લીંબાભાઈ પોપટભાઈ ખીમાણીયા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ ૧૦/૩૦ વાગ્યે ક્રિષ્ના રેસીડેન્સીની સામે હાઈવે ઉપર બનેલો. તે સમયે તેઓ ત્યાં સીક્યુરીટી તરીકે નોકરી કરતા હોય તે સમયે નોકરી પર ત્યાં હાજર હતા, તે સમયે જગદીશભાઈ, રાજુભાઈ અને નવીનભાઈ તેઓ બધા ગેટ ઉપર બેસેલ હતા તે સમયે અકસ્માત તેઓની નજરે જોયેલ. ૧૦ થી ૧૦/૩૦ વાગ્યે ખોલવડગામની સીમમાં મુંબઈ થી અમદાવાદ નેશનલ હાઈવે ઉપર એક કીયા કંપનીની ફોર વ્હીલ ગાડીથી અકસ્માત થયેલો. અકસ્માત કરનાર ગાડીને તેઓએ જોયેલી, પરંતુ તે ગાડીનો નંબર જોયેલ નહી પણ ટોલનાકા પરથી જાણવા મળેલ અને આ બનાવમાં ક્રિષ્ના રેસીડેન્સીમાં રહેતા પ્રવિણભાઈનું અકસ્માત થયેલ અને આ અકસ્માતમાં પ્રવિણભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થયેલી અને તે લોહી લુહાણ હાલતમાં પડેલ હતા. પ્રવિણભાઈ ને સારવાર માટે ૧૦૮ માં બેસાડી દીનબંધુ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ હતા. આ બનાવમાં અકસ્માત કરનાર ગાડીનો નંબર જોવા માટે તેઓની સોસાયટીના ઉપપ્રમુખ રાજુભાઈ જોઈ આવેલ અને જે ગાડીનો નંબર જાણેલો. જે ગાડી મહારાષ્ટ્ર પાર્સીંગની હતી અને ગાડીનો નંબર ૫૯૭૮ હતો. પ્રવિણભાઈને વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ સુરત લઈ ગયેલ અને તેમની સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૩ ના રોજ મરણ ગયેલા. આ બનાવની તેમના ભાઈ સુનિલભાઈએ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. તપાસ કરનારે તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓએ જોયેલ ન હોય જેથી તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની મંજુરી માંગવામાં આવતા કોર્ટ દ્વારા મંજુરી આપવામાં આવી હતી,

પરંતુ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ સદર સાહેદ આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપવામાં નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, હું ધોરણ ૪ સુધી ભણેલ છુ. મને માત્ર ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડે છે. પોલીસે મારો જવાબ બનાવ વાળી જગ્યાએ લીધેલ. મને એ વાતની જાણ નથી કે, પોલીસે મારો જવાબ કયારે લીધેલ. એ વાત ખરી છે કે, જગદીશભાઈ, નરેન્દ્રભાઈ વગેરે સાથે બેસીને અંદરો અંદર વાત કરતા હતા ત્યારે આ બનાવ બનેલો. એ વાત ખરી છે કે, <u>બનાવ બન્યો એટલે અવાજ આવતા અમે ત્યા દોડીને ગયેલ પછી ખબર પડી કે ગુજરી જનાર અમારી સોસાયટીના છે.</u> એ વાત ખરી છે કે, <u>અકસ્માત કરનાર ગાડી જોયેલ પરંતુ તેના નંબરની માહીતી નથી.</u> એ વાત ખરી છે કે, <u>ક્રિષ્ના રેસીડેન્સીનો ગેટ પર ઢળાવ આવેલ છે અને મુંબઈ તરફથી આવતા વાહનો ઓવર બ્રીજ ઉતરીને આવતી હોય છે.</u> એ વાત ખરી છે કે, <u>અકસ્માત કરનાર ગાડી કેટલી સ્પીડ પર આવતી હતી તેની કોઈ જાત માહીતી નથી.</u> એ વાત ખરી નથી કે, હુ આજ રોજ ફરિયાદી તથા તેના પરિવાર જનો મારી સોસાયટીના હોય તેમના કહેવાથી આજ રોજ જુબાની આપવા આવેલ છુ. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા પર વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, ક્રિષ્ના રેસીડેન્સીના ગેટની આજુ બાજુ દુકાનો આવેલી છે.

**d.** ફરિયાદપક્ષે **આંક–14 થી સાહેદ નરેન્દ્રભાઇ ધનજીભાઇ સુરતી** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ સવારના ૯ થી ૯/૩૦ વાગ્યે ક્રિષ્ના રેસીડેન્સીની સામે હાઈવે ઉપર બનેલો. તે સમયે તેઓ સોસાયટીના ગેટ પર બેઠા હતા. તે સમયે લીંબાભાઈ, રાજુભાઈ અને જગદીશભાઈ, તેઓ બધા ગેટ ઉપર બેસેલ હતા અને બીજા કામમાં હતા. તે સમયે આજુબાજુમાં ચર્ચા કરતા અકસ્માતની જાણ થયેલ કે ખોલવડગામની સીમમાં મુંબઈ થી અમદાવાદ નેશનલ હાઈવે ઉપર તેઓની સોસાયટીની સામે એક કીયા કંપનીની ફોર વ્હીલ ગાડીથી અકસ્માત થયેલો. અકસ્માત કરનાર ગાડીને તેઓએ જોયેલી નહી. આ બનાવમાં ક્રિષ્ના રેસીડેન્સીમાં રહેતા પ્રવિણભાઈનું અકસ્માત થયેલ અને આ અકસ્માતમાં પ્રવિણભાઈને માથાના

ભાગે તથા શરીરે ગંભીર ઈજા થયેલી અને તે લોહી લુહાણ હાલતમાં પડેલ હતા. પ્રવિણભાઈ ને સારવાર માટે ૧૦૮ માં બેસાડી દીનબંધુ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ હતા અને વધુ સારવાર માટે કિરણ હોસ્પીટલમં લઈ ગયેલ હતા. અકસ્માત કરનારની ગાડીના નંબર બાબતે તેઓએ ચોર્યાસી ટોલનાકા પર જઈને કેમેરા ચેક કરાવતા અકસ્માત કરનાર ગાડી ગેટ નં.૬ પરથી પસાર થયેલ હતી અને ગાડીનો નંબર જોયેલ પરંતુ હાલમાં તેઓને યાદ નથી. પ્રવિણભાઈનું સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૩ ના રોજ મરણ થયેલ. આ બનાવની તેમના ભાઈ સુનિલભાઈ એ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. તપાસ કરનારે તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓએ જોયેલ ન હોય જેથી તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની મંજુરી માંગવામાં આવતા કોર્ટ દ્વારા મંજુરી આપવામાં આવી હતી, પરંતુ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ સદર સાહેદ આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપવામાં નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, પોલીસે મારો જવાબ બનાવ બન્યાના બીજા દિવસે લીધેલ હતો. એ વાત ખરી છે કે, હું તથા જગદીશભાઈ, વગેરે સાથે બેસીને અંદરો અંદર વાત કરતા હતા ત્યારે અવાજ આવતા અને અમે ત્યાં ગયેલા અને બનાવ જોયેલ. એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલ તે અમે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ કોની ભુલના કારણે બનેલ તેની મને માહીતી નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા પર વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, ક્રિષ્ના રેસીડેન્સીના ગેટની આજુ બાજુ દુકાનો આવેલી છે.

**e.** ફરિયાદપક્ષે **આંક–25 થી ત.ક.અ. પારૂલબેન સંજયભાઇ ચાવડા**ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ માં તેઓ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે તા.૦૭/૧૨/૨૦૨૩ ના રોજ પી. એસ. ઓ. એ કામરેજ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૨૧૪૦૨૦૨૩૨૭૯૬/૨૦૨૩, ઈ.પી.કો. કલમ

૨૭૯, ૩૦૪(અ), એમ.વી.એક્ટ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની ફરિયાદ નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. પી.એમ.પરમાર તેઓને સોંપેતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. ત્યારબાદ તેઓ રજા ઉપર હોય જેથી તેઓનો ચાર્જ તેઓની પાસે હોવાથી આગળની તપાસ તેઓએ સંભાળેલી. આ ગુનાની તપાસ તેઓને મળતા આ કામે તેઓ અકસ્માતમાં ઈજા પામનાર દિનબંધુ હોસ્ટીલ ખાતે સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય જેથી મરણ જનારના કામરેજ સી.એચ.સી. ખાતે બોડીનું ઈન્કવેસ્ટ પંચનામુ તથા પી.એમ કરાવેલ અને ત્યારબાદ સદર બોડીનો પી.એમ. થયા બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપેલ. ગુનાના કામે ગુનાવાળી જગ્યાએ જઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા એફ.એસ.એલ. તથા વાહનના યાંત્રીક પરિક્ષણ અંગેની કાર્યવાહી કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આગળની તપાસ પી.એસ.આઈ. પી.એમ.પરમાર નાઓને સોપતા તેઓએ આ કામે આરોપીને અટક કરી યોગ્ય રકમના જામીન રજુ કર્યેથી તેને જામીન મુક્ત કરેલ. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ તૈયાર કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ. આરોપીને તેઓ ઓળખે છે.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ત.ક.અમલદારશ્રી કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, સદર ગુનાવાળો બનાવ તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ બનેલ અને જેની ફરિયાદ ૦૭/૧૨/૨૦૨૩ ના રોજ દાખલ થયેલ તે ફરિયાદ મોડી આપવા બાબતનો કોઈ ખુલાસો અમારી તપાસ દરમ્યાન ખુલેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ મુંબઈ થી અમદાવાદ જતા નેશનલ હાઈવે રોડ ઉપર બનેલ. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ કામરેજવાળો બ્રીજ ઉતરતા જ બનેલ હતો. એ વાત ખરી છે કે, સદર કામે અકસ્માત કરનાર ચાલક નજરે જોનાર સાક્ષી પુરાવો મળેલ નથી. એ વાત ખરી છે કે, અમે જે સાહેદોના નિવેદનો લીધેલ છે તે તમામ સાહેદો તથા ફરિયાદી ક્રિષ્ના રેસીડેન્સીના રહેવાસીઓના લીધેલા છે. એ વાત ખરી છે કે, અકસ્માતમાં મરણ જનાર ઈસમ ક્રિષ્ના રેસીડેન્સીમાં જ રહે છે. એ વાત ખરી છે બનાવવાળા રોડ ઉપર વાહનો ની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે સ્થાનિક પંચો તથા સ્વતંત્ર સાહેદો મળી રહે છે. એ વાત ખરી છે કે આરોપી વાહન કેટલી સ્પીડે ચલાવતો તેવી હકીકત અમોની તપાસમાં ખુલેલ નથી તથા સ્પીડ અંગે

નો પુરાવો તપાસમાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**f.** વધુમાં આ કામે, બચાવપક્ષની સંમતિથી ફરીયાદને આંક–૦૮, ગુનાવાળી જગ્યાના પંચનામાને આંક–૧૩, ઈન્કવેસ્ટ પંચનામાને આંક–૧૭, એકસીડન્ટ રીપોર્ટને આંક–૧૮, સ્થળપરિષણ અહેવાલને આંક–૧૯, એફ.એસ.એલ.ને આંક–૨૦ તથા પી.એમ.નોટને આંક–૨૬ આપવામાં આવેલ છે.

## પૂરાવાનું મૂલ્યાંકન:

**g.** આ સિવાય ફરિયાદપક્ષ તરફે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર ઈ.પી.કો. કલમ 279, 304(A) તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184, 134 મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે.

**h.** આ તબકકે **ભારતીય દંડ સંહિતાની કલમ 279 – સરીયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :**

જે કોઈ પણ જાહેર માર્ગ પર કોઈ પણ વાહન ચલાવે છે અથવા સવારી કરે છે, જેથી માનવ જીવનને જોખમમાં મૂકે અથવા અન્ય કોઈ વ્યકિતને ઈજા કે ઈજા પહોંચાડવાની શકયતા હોય તેવી રીતે બેદરકારીપૂર્વક અથવા બેદરકારીથી ચલાવે, તેને એક મુદત માટે કોઈ પણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. જે છ મહિના સુધી લંબાવી શકે છે, અથવા દંડ જે એક હજાર રૂપિયા સુધી લંબાવી શકે છે, અથવા બંને સાથે.

આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે:

**i.** આરોપી વાહન હાંકતો હતો અથવા તેના પર સવાર હતો.

**ii.** તે જાહેર માર્ગ પર હાંકતો હતો અથવા સવાર હતો.

iii. તે અવિચારી અથવા બેદરકારી રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.

iv. એવી સવારી અથવા હાંકવાનું માનવજીવન માટે ભયજનક હતુ અથવા તેનાથી વાગવાનો અથવા ઈજા થવાનો સંભવ હતો.

**i. ભારતીય દંડ સંહિતાની કલમ 304(A) – બેદરકારીથી મૃત્યુનું કારણ બનવા બાબત :**

જે કોઈ પણ વ્યકિત સરીયામ રસ્તા પર બેકાળજી કે બેદરકારીપૂર્વક વાહન હં કારી અકસ્માત કરી જે કોઈ પણ વ્યકિતનું મૃત્યુ કરે અથવા જે કોઈ પણ વ્યકિતનું મૃત્યુ ગુનાહિત માનવવધ ન ગણાય તેવા કોઈ પણ ઉતાવળિયા અથવા બેદરકારીભર્યા કૃત્ય ધ્વારા કરે છે, તેને બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

**j.** આમ કાયદાની જોગવાઈ તથા તેમાના આવશ્યક તત્વો ધ્યાને લેતા તે પૈકીના એક મહત્વનું તત્વ તેવુ અવિચારી અથવા બેદરકારી રીતે હાંકતો અથવા સવાર કરતો હતો તે છે અને આ તત્વ પણ આવશ્યક તત્વ છે અને તે પણ પુરવાર થવુ જરૂરી છે.

**k. <u>ફરિયાદપક્ષના ફરીયાદીનો પુરાવો:</u>**

આ કામે ફરિયાદપક્ષ દ્બારા તપાસેલા સાહેદો પૈકી PW-1 ફરીયાદી તે આ કામે ઈજા પામનારના ભાઈ હોવાનું માલુમ પડે છે. તેઓ બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા, પરંતુ તેઓના ભાભી દ્બારા તેઓને સદર બનાવની ફોન દ્બારા જાણ કરવામાં આવેલ હતી. જેથી તેઓએ સદર બનાવ નજરે જોયેલ નથી. સદર ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે કે તેઓ સીધા હોસ્પીટલમાં ગયેલ, ત્યારે તેઓના ભાઈની સારવાર ચાલી રહી હતી અને તેઓને સોસાયટીના વોચમેન અને પિયુષભાઇ મારફતે અકસ્માત બાબતે જાણવા મળેલ કે, આ બનાવમાં મહારાષ્ટ્રની સીલવર કલરની ગાડી હતી જે ઝડપથી જતી હતી. તેમજ ફરીયાદી ઉલટતપાસમાં એ સ્વીકારે છે કે, તેઓએ બનાવ બન્યાના ૨૫ દિવસ ફરીયાદ કેમ આપેલ, તેનું કારણ ફરીયાદમાં જણાવેલ નથી. તેમજ ફરીયાદમાં અકસ્માત કરનારનો વાહનનો નંબર પણ લખાવેલ નથી. તેમજ

કહેવાતો બનાવ તેઓએ નજરે જોયેલ નથી, તેથી શું બનેલ તેની તેઓને જાત માહિતી નથી, જેથી સદર અકસ્માતની હકીકતની સત્યતા આ કામે ચકાસી શકાય તેમ નથી.

**l.** આ કામે PW-2 તથા PW-3 બંને સાહેદો બનાવ સમયે સોસાયટીના ગેટ નજીક હાજર હતા. તેઓ જણાવે છે કે, બનાવ ક્રિષ્ના રેસીડેન્સીની સામે હાઇવે ઉપર બનેલો અને બનાવ બન્યો તે સમયે તેઓ ગેટની અંદર બેસીને અંદરોઅંદર વાતચીત કરતા હતા તે સમયે અવાજ આવતા તેઓ દોડીને ગયેલા. જેથી, આ અકસ્માત કોની ભુલથી થયેલ તે પણ તેઓ જણાવી શકે નહિ. તેમજ તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, ક્રિષ્ના રેસીડેન્સીનો ગેટ પર ઢળાવ આવેલ છે અને મુંબઇ તરફથી આવતા વાહનો ઓવરબ્રીજ ઉતરીને આવે છે. તેમજ અકસ્માત કરનાર ગાડી કેટલી સ્પીડ પર આવતી હતી તેની તેઓને કોઇ જાતમાહિતી નથી. જેથી સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતો પુરાવો આપેલ નથી, તેથી આ કામના આરોપી દ્ધારા વાહન ગફલતભરી રીતે તેમજ તેની બેદરકારીપૂર્વક વાહન હંકારતા હોય, તે અંગેનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

## m. <u>તપાસ કરનાર અધિકારી નો પુરાવો :</u>

ફરીયાદપક્ષે PW-4 તરીકે ત.ક.અમલદાર પારૂલબેન સંજયભાઇ ચાવડાને સોગંદ પર તપાસેલા છે. તેમજ તેઓના પુરાવામાં જણાવે છે કે, સદર ગુનાવાળો બનાવ તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ બનેલ અને જેની ફરિયાદ ૦૭/૧૨/૨૦૨૩ ના રોજ દાખલ થયેલ તે ફરિયાદ મોડી આપવા બાબતનો કોઈ ખુલાસો તેઓની તપાસ દરમ્યાન ખુલેલ નથી. તેમજ સદર કામે અકસ્માત કરનાર ચાલક નજરે જોનાર સાક્ષી પુરાવો મળેલ નથી. તેમજ બનાવવાળા રોડ ઉપર વાહનો ની સતત અવર જવર રહે છે. તેમજ આરોપી વાહન કેટલી સ્પીડે ચલાવતો તેવી હકીકત તેઓની તપાસમાં ખુલેલ નથી તથા સ્પીડ અંગે R.T.O. માંથી કોઇ રીપોર્ટ મેળવેલ હોય તેવું બનેલ નથી કે બનાવ સ્થળની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ આ કામે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. જેથી આ સંજોગોમાં સદર ત.ક.અ.નો પુરાવો ધ્યાને લઇ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી. જેથી આ સંજોગોમાં સદર ત.ક.અ.નો પુરાવો ધ્યાને લઇ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

**n.** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **સ્ટેટ ઓફ કર્ણાટકા વિરૂધ્ધ સતીષ**[1] ચુકાદામાં પેરા નં. ૪ માં નીચે મુજબનો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે :

*4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".*

**o.** ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદ નો પુરાવો જોતા પણ હાલના આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠેરવી શકાય તેવો સબળ પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. આમ, બન્ને પક્ષકારોની દલીલો તથા રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં (૧) ફરીયાદપક્ષ તર્ફે ના તમામ સાહેદોના પુરાવાથી આરોપી પુરઝડપે તેમજ બેફીકરાઈથી વાહન હંકારી અકસ્માત કરેલ હોય તે હકીકત પુરવાર થઈ શકેલ નથી તેમજ (૨) આરોપીની નિષ્કાળજી અને બેદરકારી પુરવાર થઈ શકેલ નથી.

[1] 1998 (8) SCC 493

**p.** આમ, ઉપરોકત ચર્ચા મુજબ રેકર્ડ પરના પુરાવા પરથી એ હકીકત નિર્વિવાદીત છે કે આ કામે અકસ્માત થવાથી ફરીયાદીના ભાઇ પ્રવિણપુરી ગુલાબપુરી ગોસ્વામી મરણ ગયેલ છે પરંતુ રેકર્ડ પર એ હકીકત આવેલ નથી કે, અકસ્માત સમયે આ કામના આરોપીએ પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા હોવાથી અકસ્માત થયેલ છે. માત્ર એરર ઓફ જજમેન્ટના આધારે ક્રિમિનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બાબતે પુરાવાના આધારે આરોપીને સદર ગુનામાં દોષિત ઠરાવી શકાય નહિ.

**q.** આમ, આ કામે આરોપી સામે મુકવામાં આવેલા આક્ષેપો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓને અને ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઇ રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે રજૂ થયેલ સાહેદોની જુબાની પરથી સદર અકસ્માત આરોપી દ્વારા થયેલ હોવાનુ પુરવાર થયું નથી. આમ ફરિયાદપક્ષે આરોપી સામે ઇ.પી.કો.ની કલમ 279, 304(A) તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184, 134 મુજબનો ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી.

**r.** જેથી, મુદ્દા નં. 1 નો જવાબ “નકારમાં” આપી, મુદ્દા નં. 2 મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

## // આખરી હુકમ //

**1.** આ કામના આરોપી કમલેશભાઇ મનશારામ મુલેવા, રહે.એ/૩૦૪, સાર્વીલ કોમ્પલેક્ષ કાટરાજ રોડ પુર્ણે શહેર, ઇશ્કોન મંદિર પાસે, મહારાષ્ટ્ર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ- 279, 304(A) તેમજ એમ.વી. એક્ટની કલમ 177, 184, 134 મુજબના આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી** છોડી મૂકવાનો આદેશ આપવામાં આવે છે.

**2.** આ કામના આરોપીને સી.આર.પી.સી ની કલમ ૪૩૭(અ) મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 12મી માહે માર્ચ, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 12/03/2026
સ્થળ: કઠોર

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
જ્યુડી. મેજી.ફ.ક., કઠોર
Judge Code - GJ01769

ગુજરાતી સ્ટેનોગ્રાફર,
કે.જી.વેકરીયા